તાપી



માંડવી



હિતેશ પટેલ

# ઉકાઈમાં 1.3 ઇંચ વરસાદ, ગરમીથી લોકોને રાહત



**મેઘાનું** આગમન થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ

વ્યારા, વાલોડ, કુકરમુંડા: તાપી જિલ્લામાં ગતરોજ સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે અનેક વિસ્તારોમાં વરસાદ ઝરમર વરસાદ જોવા મળતાં સવારે 8 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધીના 8 કલાકમાં નવા ઉકાઈ તાલુકામાં 1.3 ઈંચ, સોનગઢમાં 0.8 ઈંચ, વાલોડમાં 0.6 ઈંચ તો વ્યારામાં 0.4 ઈંચ જેટલું વરસાદી પાણી પડ્યું હતું. ડોલવણ તથા ઉચ્છલ અને નિઝર તાલુકામાં પણ હળવાં ઝાપટાં પડ્યાં હતાં.

વાલોડ તાલુકામાં વહેલી સવારથી મેઘાનું આગમન થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. બુહારી, બાજીપુરા, બેડચિત સહિત અનેક ગામડાંમાં વરસાદી માહોલ જામતાં વાતાવરણમાં ઠંડક પ્રસરતા લોકોને અસહ્ય ગરમીમાંથી છૂટકારો મળ્યો હતો.

## માંગરોળ અને ઉમરપાડામાં સાર્વત્રિક વરસાદ

બારડોલી, વાંકલ, માંડવી: દક્ષિણ ગુજરાતના હવામાનમાં આવેલા પલટા વચ્ચે સોમવારે બારડોલી અને આસપાસના વિસ્તારોમાં દિવસભર આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયેલાં રહ્યાં હતાં, જેના પગલે અસહ્ય ઉકળાટ અને ગરમીથી પરેશાન નાગરિકોને મોટી રાહત મળી છે. સવારના સમયે તેમજ ત્યારબાદ બપોરે ધીમી ધારે અમીછાંટણા શરૂ થયા હતા. વરસાદી ઝાપટાંને કારણે સમગ્ર પંથકમાં શીતલહેર દોડી ગઈ છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે બારડોલીમાં ખેડૂતોને આગામી દિવસોમાં સારા વરસાદની આશા જાગી છે.

હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતમાં વરસાદની કરવામાં આવેલી સત્તાવાર આગાહીના પગલે સુરત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સોમવારે સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ઉમરપાડાના વાડી, ચારણી કેવડીમાં સવારે વરસાદ વરસતા બજારમાં પાણી પાણીનાં દૃશ્યો જોવા મળ્યાં હતાં. જ્યારે માંગરોળમાં વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. ખેતીની આગામી સિઝન માટે સમયસરનો વરસાદ આશીર્વાદરૂપ સાબિત થશે.

છેલ્લા ઘણા સમયથી ચાતક નજરે વરસાદની રાહ જોઈ રહેલા માંડવી પંથકના લોકો અને ખેડૂતોની આતુરતાનો સોમવારે સુખદ અંત આવ્યો છે. સવારથી જ બદલાયેલા આહલાદક વાતાવરણ વચ્ચે મેઘરાજાએ ગાજવીજ સાથે વિધિવત આગમન કરતાં સમગ્ર પંથકમાં ટાઢક પ્રસરી ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા કાળઝાળ ઉકળાટ અને બફારાથી ત્રસ્ત લોકોને આ પહેલા જ વરસાદથી મોટી રાહત મળી છે, તો બીજી તરફ રસ્તાઓ પર વરસાદી પાણી વહેતા થતાં યુવાનો અને બાળકોએ પલળવાની મજા લૂંટી હતી. તો વરસાદથી પાકને જીવતદાન મળ્યું છે.

# કડોદ ફળ અને શાકભાજી ઉત્પાદક-વેચાણ સહકારી મંડળીની સભા મળી

**28મી** વાર્ષિક સાધારણ સભામાં કેતનભાઈ પટેલ ફરી પ્રમુખ બન્યા



કેતન પટેલ


કડોદ: કડોદ વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદક અને વેચાણ સહકારી મંડળી લિમિટેડની 28મી વાર્ષિક સાધારણ સભા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ કૃષિ મોલના પ્રથમ માળે પ્રમુખ કેતનભાઈ જે. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. સભાની શરૂઆતમાં દિવંગત સભાસદોને શ્રદ્ધાંજલિ અર્પી એજન્ડાનાં 1થી 12 કામોને સર્વાનુમતે મંજૂર કરાયાં હતાં.

ડિરેક્ટરોની ટર્મ પૂર્ણ થતાં આગામી પાંચ વર્ષ માટે પ્રમુખ તરીકે કેતનકુમાર જસુભાઈ પટેલ અને ઉપપ્રમુખ તરીકે રાજુભાઈ હરિભાઈ પટેલ સહિત સમગ્ર ડિરેક્ટર બોડી બિનહરીફ ચુંટાઈ હતી. મંડળીએ 5,68,38,167.63નો વેપાર કરી 61,68,975.78નો કાચો નફો મેળવ્યો છે. મંડળી દ્વારા શાકભાજી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સિઝનમાં કેરી, ફટાકડા, લાઈટબિલ કલેકશન કરવામાં આવે છે. સભાસદોને 15 ટકા ડિવિડન્ડ અને રાસાયણિક ખાતર પર 3 ટકા ડિવિડન્ડ આપવાની જાહેરાત કરાઈ હતી. મંડળી 'અ' ઓડિટ વર્ગ ધરાવે છે અને વર્ષના 365 દિવસ કાર્યરત રહે છે. આ પ્રસંગે બારડોલી APMCના પ્રમુખ પ્રતાપસિંહ દેસાઈ, કડોદ સેવાના પ્રમુખ બાલુભાઈ પ્રજાપતિ તેમજ તાલુકા-જિલ્લા પંચાયતના ચુંટાયેલા સભ્યોનું સન્માન કરાયું હતું. સમગ્ર સંચાલન અજયસિંહ દેસાઈ અને રાજુભાઈ પટેલે કર્યું હતું, જ્યારે મેનેજર સંદીપભાઈ પારેખે આભારવિધિ કરી હતી.

## ઉચ્છલના સુંદરપુરમાં ગોચર જમીન મુદ્દે કલેક્ટરને આવેદન

વ્યારા: ઉચ્છલના સુંદરપુર ગામે ગોચર જમીન પર મંજૂર થયેલી એકલવ્ય મોડલ રેસીડેન્શિયલ સ્કૂલ (EMRS) સામે ગ્રામજનોએ ભારે વિરોધ નોંધાવ્યો છે. સુંદરપુર-માણેકપુર ગ્રુપ ગ્રામ પંચાયતના રહીશોએ કલેક્ટરને આવેદનપત્ર આપી શાળાને અન્ય સરકારી પડતર જમીન પર ખસેડવા માંગ કરી છે. ગ્રામજનોનો આરોપ છે કે મામલતદારના અહેવાલ અને ગ્રામસભાના ઠરાવની અવગણના કરાઈ છે. આ સાથે જ રમતગમતના મેદાન માટે મંજૂર થયેલી 14.35 લાખની ગ્રાન્ટમાં થયેલી અનિયમિતતાની તપાસની પણ માંગ કરવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય ન લેવાય તો ગ્રામજનોએ આંદોલન અને રેલી યોજવાની ચીમકી આપી છે.

# બારડોલીમાં પાણી માટે મહિલાઓને રેલવે ટ્રેક ઓળંગવાની નોબત





**બારડોલીના** વોર્ડ નં.1ની નહેર કોલોનીમાં સુવિધાના નામે મીંડું

**શૌચાલયના** અભાવે મહિલાઓની સુરક્ષા જોખમાઈ: ખુલ્લામાં જવાની ફરજ

બારડોલી: બારડોલી નગરપાલિકાના શાસકો દ્વારા વિકાસના મોટા-મોટા દાવા કરવામાં આવતા હોય છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. શહેરના પોશ ગણાતા વોર્ડ નં.૧માં આવેલા તેન રોડની નહેર કોલોની ફળિયાની હાલત અત્યંત દયનીય છે. આ વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય છે અને લોકોને પીવાના પાણી માટે પણ ફાંફાં મારવા પડી રહ્યા છે. ડ્રેનેજ લાઈન કે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી ચોમાસામાં સ્થિતિ વધુ વણસી જાય છે. વાયદા કરીને ગાયબ થઈ જતા નેતાઓ સામે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

કોંગ્રેસના મહિલા નગરસેવક સ્વાતિ પટેલે સોશિયલ મીડિયા પર વિડીયો જાહેર કરીને આ વિસ્તારની વાસ્તવિકતા ઉજાગર કરી હતી. વર્ષોથી આ સમસ્યાઓનો સામનો કરી રહેલા રહીશોએ નગરપાલિકામાં અનેક રજૂઆતો કરી હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી. આખરે કંટાળીને સોમવારે મોટી સંખ્યામાં સ્થાનિકોએ બારડોલી નગરપાલિકા કચેરી ખાતે ચીફ ઓફિસરને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી.

સ્થાનિક મહિલાઓએ જણાવ્યું કે, પાણી ખૂબ જ ઓછા દબાણથી આવતું હોવાને કારણે તેમણે જીવના જોખમે રેલવે ટ્રેક ઓળંગીને દૂરથી પાણી લાવવું પડે છે. એટલું જ નહીં, વસાહતમાં જાહેર શૌચાલયની કોઈ વ્યવસ્થા ન હોવાથી મહિલા અને પુરુષોએ ખુલ્લામાં રેલવે ટ્રેક પર જવું પડે છે. ખાસ કરીને મહિલાઓએ વહેલી સવારે કે રાત્રે જવું પડે છે, જ્યાં ટ્રેનમાંથી પસાર થતાં અસામાજિક તત્ત્વો દ્વારા છેડતી અને અશ્લીલ હરકતો થતી હોવાની ગંભીર આપવીતી તેમણે જણાવી છે. આવી અમાનવીય પરિસ્થિતિ વચ્ચે જીવતા લોકોએ વહેલી તકે પ્રાથમિક સુવિધાઓ આપવા તંત્ર સમક્ષ ઉગ્ર માંગ કરી છે.

## ઓલપાડ ટાઉનમાં બાઈકની ચોરી

સાયણ: ઓલપાડના કરશનપરામાં રહેતા અને સુરત મનપાના રાંદેર ઝોનમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા અરુણભાઈ જીનવાલાની રૂ.૩૦,૦૦૦ની બાઈક નં.(જીજે-૦૫,ઈ.યુ. ૫૬૫૯) ગત ૧૭ જૂને ધોળે દિવસે તેમના ઘરના આંગણામાંથી ચોરાઈ ગઈ હતી. શોધખોળ છતાં બાઈક ન મળતાં તેમણે સિટિઝન પોર્ટલ પર ઈ-એફ.આઈ.આર. કર્યા બાદ ઓલપાડ પોલીસ મથકે અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## વાંકાનેડા નહેરમાંથી લાશ મળી આવી

પલસાણા: પલસાણાના વાંકાનેડા ગામની નહેરમાંથી ૩૫થી ૪૦ વર્ષના અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસ મુજબ પાણીમાં ડૂબી જવાથી તેનું મોત નીપજ્યું છે. કડોદરા GIDC પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઘલુડી ખાતે સરકારી ઘોડા ટારઝનનું મોત

કામરેજ: ઘલુડીમાં આવેલા સુરત જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટસ ખાતે માઉન્ટેડ શાખામાં સરકારી ઘોડો ટારઝન (ઉં.વ.16) ની બે દિવસ અગાઉ અચાનક તબિયત બગડતાં વેટરિનરી તબીબને સારવાર માટે બોલવવામાં આવ્યા હતા. તબીબની ચાલુ સારવાર દરમિયન રાત્રે 8.45 કલાકે ટારઝનનું મોત નીપજ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલી-૨-મિયાવાડી GIDCનું નામ બદલવા સાંસદની ભલામણ



કેતન પટેલ

કડોદ: બારડોલી લોકસભા વિસ્તારના સાંસદ પ્રભુભાઈ વસાવાએ ગાંધીનગર GIDCને પત્ર લખીને 'બારડોલી-૨ (મિયાવાડી) GIDC'નું નામ બદલીને 'બારડોલી-૨ કડોદ GIDC' કરવા રજૂઆત કરી છે. સાંસદના જણાવ્યા મુજબ મિયાવાડી ભૌગોલિક રીતે નાનું હોવાથી ઉદ્યોગકારોમાં તેની ઓળખ મર્યાદિત છે, જ્યારે મિયાવાડીનો સમાવેશ ધરાવતી કડોદ ગ્રુપ ગ્રામ પંચાયતનો વિસ્તાર મોટો છે. કડોદ દાયકાઓથી જિનિંગ, કૃષિ આધારિત ઉદ્યોગો, ટ્રાન્સપોર્ટ અને કાપડ જેવા વેપારનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. આ ભૌગોલિક ઓળખ અને સ્થાનિક પરિસ્થિતિને કારણે નામ બદલવાથી વિસ્તારને નવી ઓળખ મળશે, જેનાથી પ્લોટોનું વેચાણ વધશે, નવું રોકાણ આકર્ષાશે અને રોજગારીની નવી તકો ઊભી થશે.

### પાસોદરા પાટિયા પાસે કાર અડફેટે રિક્ષા પલટી જતાં ચાલકનું મોત



વિશાલ પટેલ

કામરેજ: ખોલવડ ગામની હદમાં પાસોદરા પાટિયા પાસે સુરતથી કામરેજ તરફ આવી રહેલા રિક્ષાચાલક ઈકબાલ કાસમ ડેરૈયા (ઉં.વ.45) (રહે. સહકાર સોસાયટી કિંગ પેલેસ-109, આંબોલી) ની રિક્ષા નં.(જીજે 06 એડબ્લ્યૂ 2787)ને પાછળથી એક ટોયેટા કાર નં.(જીજે 05 આરપી 9231)એ જોરદાર ટક્કર મારી હતી. જેથી રિક્ષા પલટી જતાં ઈકબાલભાઈને ગંભીર ઈજા પહોંચતાં સ્મીમેર બાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં તેમનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ મામલે મૃતકના પુત્ર સરફરાજે કારચાલક સામે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### વરેલીમાં ટેમ્પોનું પાટિયું વાગતાં એકનું મોત

પલસાણા: પલસાણાના વરેલી ગામની માર્કેટના કમ્પાઉન્ડમાં મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ વરેલી ખાતે રહેતા ૩૧ વર્ષીય ધર્મેન્દ્રકુમારકને નશાની હાલતમાં અંધારાને કારણે ત્યાં ઊભેલા ટેમ્પોનું પાછળનું પાટિયું માથાના ભાગે જોરથી વાગી ગયું હતું. આથી યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

### મહુવેજમાં બાઇકની ચોરી થતાં ફરિયાદ

હથોડા: માંગરોળના મહુવેજ ગામે ટી-કોન કંપની પાસેથી અજાણ્યો ચોર ઇસમ સાગર વળવીની રૂપિયા ૫૦,૦૦૦ની કિંમતની હીરો મોટરસાઇકલ ચોરી કરી નાસી ગયો હતો. કોસંબા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### હરિપુરામાં ચોરીના મોબાઇલ સાથે બે ઝડપાયા

પલસાણા: પલસાણાના હરિપુરામાં કડોદરા GIDC પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી બાઇક પર સવાર બે આરોપી કામરેજના ભાદા ગામના દીપક વસાવા અને ખોલવડના સાહિલ રાઠોડને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી રૂ.૨.૧૨ લાખના ૨૫ નંગ ચોરીના મોબાઈલ ફોન મળી આવ્યા છે. આરોપીઓની પૂછપરછમાં કડોદરા, કામરેજ અને પાલોદ વિસ્તારના કુલ ૭ ગુનાનો ભેદ ઉકેલાયો છે. પોલીસે બાઈક અને રોકડ સહિત કુલ રૂ.૩,૨૦,૧૯૮નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ગુનામાં સંડોવાયેલા ખોલવડના અન્ય બે વોન્ટેડ ગોરખો રાજેશ રાઠોડ અને સાહિલ ઉર્ફે સંતોષને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યાં છે.

### વ્યારા કોર્ટે ગંભીર ગુનાના આરોપીને નિર્દોષ જાહેર કર્યો

વ્યારા: વ્યારા સેશન્સ કોર્ટે ખૂન, બળાત્કાર, લૂંટ અને ઘરફોડ ચોરી જેવા ગંભીર ગુનાના આરોપી અનેશભાઈ વસાવાને નિર્દોષ મુક્ત કરવાનો મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. 21 ફેબ્રુઆરી-2025ના રોજ ફરિયાદી હર્ષદભાઈ વસાવાએ ઉચ્છલ પોલીસ મથકે તેમની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જો કે, કોર્ટ ટ્રાયલ દરમિયાન ફરિયાદી પક્ષના નબળા પુરાવા, પોલીસ તપાસની ક્ષતિઓ અને સાક્ષીઓનાં નિવેદનોમાં વિરોધાભાસ ખુલ્લો પડ્યો હતો. આરોપીના વકીલે સાબિત કરવામાં સફળ રહ્યા કે અંગત અદાવતમાં આરોપીને ખોટા કેસમાં ફસાવવામાં આવ્યો હતો. જેથી કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા છે.

## પલસાણામાં વાહન અડફેટે આધેડનું માથું ધડથી અલગ થઈ ગયું

પલસાણા: પલસાણામાં ને.હા.નં.૪૮ પર શિવમ હોસ્પિટલ સામે રોડ ક્રોસ કરી રહેલા ૫૧ વર્ષીય સભાજીત ચંદ્રબલી મિશ્રાને એક અજાણ્યા વાહન ચાલકે અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં ભોગ બનનારનું ગળું શરીરથી અલગ થઈ જતાં તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. મૂળ બિહારના અને લેબર કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા વિનય યાદવે પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વિનયભાઈ મુંબઈની કંપની વતી પલસાણાની સ્પેક્ટ્રમ કંપનીમાં લોખંડના રેન્ક બનાવવાનું કામ રાખ્યું હોવાથી છેલ્લા ૧૦ દિવસથી અહીં આવ્યા હતા. ગત ૨૧ જૂનની સાંજે સહકર્મી સભાજીત મિશ્રા (રહે.,થાણે, મહારાષ્ટ્ર) કંપનીમાંથી નીકળ્યા બાદ ગુમ થયા હતા. મોડી રાત્રે સવા બે વાગ્યે સભાજીતના દીકરા પ્રવીણે ફોન કરી પિતાના અકસ્માતની જાણ કરી હતી. અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક ફરાર થઈ ગયો છે.


**વેચાણ અંગેની જાહેર નોટીસ**

જી.નવસારી, તા.ચીખલી, **મોજેગામ.જોગવાડ**, માં આવેલ રે.સ નંબર ૩૭૭ (જુનો), ૩૦૪ (નવો), ખાતા નં.૪૭૩, જેનું સુમારે ક્ષેત્રફળ ૧-૦૪-૦૯ (હે.આરે.ચો.મી.) આકાર-રૂા.૧૨.૬૫પૈસા, સત્તાપ્રકાર - જુની શરતની ખેતીલાયક જમીન તથા તેને લાગતા વળગતા અંદર તથા બહારના રાસુકા વપરાશી હકકો સહિતની જમીનના માલિક, મુખત્યાર, કબજેદાર તરીકે **(૧) આયશા તે મુસ્તાકઅહમદ હશનની વિધવા (૨) મહમદ અસમાલ મુસ્તાક અહમદ (૩) ઐયુબ મુસ્તાકઅહમદ (૪) ફારૂક મુસ્તાક અહમદ (૫) આરીફ મુસ્તાકઅહમદ તથા (૬) ફાતેમા મુસ્તાક અહમદ વિગેરેના કુ.મું ઈસ્માઈલ મોહમદ સીદાત રહે.જુના પટેલ ફળિયા, ચાંપલધારા, તા.વાસદા, જી.નવસારી** ના નામે તમામ સરકારી રેવન્યુ રેકર્ડ દફતરે માલિક-કબજેદાર તરીકે નોંધાયેલ તથા ચાલી આવેલ છે. જે ખેતીલાયક જમીન હમારા અસીલ **સાદીક સુલેમાન ઘોડાવાળા** વિગેરે ખરીદ કરવા માંગે છે અને સદર મિલકત માર્કેટેબલ કલીયર હોવાનું હાલના માલીકો એ જણાવેલ છે. જેથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે સદર મિલકત પર જો કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થા કે પેઢી વિગેરેનો કોઈપણ પ્રકારનો કહેવાતો માલિકી, કબજો, લાગભાગ, હકક-હિસ્સો, બોજો લોન, લીયન કે અલાખો વિગેરે ધરાવતા હોય તો તેમણે **આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત) માં તે અંગેના તમામ લેખિત આધારભુત અસલ દસ્તાવેજી પુરાવાઓ સહિત નીચેના સરનામે રૂબરૂ રજુ કરવા.** જો તેમ કરવામાં નહિ આવે તો મુદત વીત્યેથી સદરહુ મિલકતનું ટાઈટલ કલીયર અને વેચવાપાત્ર હોય તેમ માનવામાં આવશે અને તેઓ સદર મિલક્તના કાયદેસરનાં માલિક-કબજેદાર-ભોગવટેદારની રૂએ/હેસીયતે સદરહુ મિલકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરશે. જેથી મુદત વીત્યે કોઈનો કોઈપણ પ્રકારનો કેસ, અરજી, ફરિયાદ, દાવા-દુવી, તર-તકરાર કે વાંધા-વિરોધ ચાલશે નહી તે સ્પષ્ટ જાણવું જેની તમામ લાગતા-વળગતા સર્વેએ નોંધ લેવી.

સ્થળ:

તારીખ: ૨૨-૦૬-૨૦૨૬

જમીન માલીક ક્રમ નં. ૧ થી ૬ વતી તેમના કુલમુખત્યારની સહી - ઈસ્માઈલ મોહમદજી સીદાત

મજકુર અસીલની સુચના અને ફરમાઈશથી મારી મારફત,

**સલમાન એન. શેખ** (એડવોકેટ)

રહે. મુ.પો. ઈટાળવા, વરાછા ફળિયુ, તા. પલસાણા, જી. સુરત. મો.: ૮૭૫૮૨ ૬૮૧૮૨



**વેચાણ અંગેની જાહેર નોટીસ**

જત અમારા અસીલ તરફે મળેલ સુચના અને ફરમાઈશ અન્વયે લાગતા વળગતા તમામને જણાવવાનું કે,

| ગામ/તાલુકો/જિલ્લો | બ્લોક નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| મહુવા/મહુવા/સુરત | ૧૫૩ | ૪-૭૩-૨૮ |
| મહુવા/મહુવા/સુરત | ૧૬૪ | ૧-૨૪-૮૬ |

ઉપરોકત બ્લોક નંબર : ૧૫૩ વાળી જમીન **અલ્લામોદીન કાલુભાઈ લાકડાવાલા, મોહમદ આદિલ અલ્લામોદીન, આબિદ અલ્લામોદીન, સલીમભાઈ કાલુભાઈ લાકડાવાલા, અનિશાબીબી સલીમભાઈ લાકડાવાલા, ઓમાન સલીમભાઈ લાકડાવાલા ના નામે ચાલે છે. તથા બ્લોક નંબર : ૧૬૪ વાળી જમીન સલીમભાઈ કાલુભાઈ લાકડાવાલા, અનિશાબીબી સલીમભાઈ લાકડાવાલા, ઓમાન સલીમભાઈ લાકડાવાલા** ના નામે ચાલે છે. તેમણે સદરહુ મિલકત પોતાની કુલ માલીકી તેમજ પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી મજકુર મિલકત અમોના અસીલને કિમતી અવેજના બદલ વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકતના કાયદેસરના પાકા લખાણો તથા પાકો રજિ. વેચાણ દસ્તાવેજ કરતા પહેલા આ જાહેર નોટીસ થકી સદરહુ મિલકતના કોઈપણ હકક-હિત-હિસ્સો ધરાવનાર વ્યકિતઓ યા સંસ્થાના કોઈપણ પ્રકારનાં લાગ-ભાગ, હકક-હિત-હિસ્સા, વંશ, વાલી, વારસોના સંબંધ, સંસ્થા તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લીયન યા કોઈ પણ દર-દાવો હોય તો તે અંગેના લેખિત તેમજ દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચે જણાવેલ સરનામે રજુ કરી ખાતરી કરાવવી. અન્યથા જો તેમ કરવામાં કસુર કરશો તો સદરહુ મિલકત ઉપરા કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લિયન યા કોઈ પણ દર-દાવો નથી કે સંબંધ નથી તેમ ગણી, અગર હોય તો વેવ કરેલ છે યાને છોડી દીધેલ છે તેમ ગણી કાયદેસરનો પાકો રજિ. વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવશે અને ત્યારબાદ તેમાં કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ. અને કરવા કરાવવામાં આવશે તો રદબાતલ ગણવાની રહેશે અને થશે તેની સર્વેએ નોંધ લેવી.

ઓફીસ : યુ.જી.૨૪, ફર્સ્ટ ફલોર, શ્યામ આર્કેડ, મણીનગર, કડોદરા, તા.પલસાણા, જિ.સુરત મો. ૯૭૨૭૩૩૪૦૬૭

**આર બી. સોડલા**
એડવોકેટ



**અસલ કબજા રસીદ/વેચાણ કરાર ગુમ થયા અંગેની જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા તમામને તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે ડિસ્ટ્રીકટ સુરત સબ ડિસ્ટ્રીકટ તાલુકો ચોર્યાસી હાલ સુરત સીટી શહેરનાં મહાનગરપાલીકાની હદમાં સમાવેશ મોજે ગામ **કતારગામના રે.સ.નં. ૧૧૨/૧-૨** પૈકી થી નોંધાયેલ જમીન ઉપર આયોજીત **''નંદનવન સોસાયટી''** માં આવેલ કુલ પ્લોટો પૈકી **પ્લોટ નં. ૧૫૧** જેનું ક્ષેત્રફળ સુમારે **૪૦.૬૮ ચો.મી. (જેનો મ્યુ. ટેના. નં. ૧૯એફ-૨૯-૨૮૫૧-૦-૦૦૧ તથા ૦૦૨)** જમીન તથા તેના પર ચાલી આવેલ **સંપુર્ણ બાંધકામ** વાળી મિલકત. તે મિલકત **(૧) ગોરધનભાઈ વિઠ્ઠલભાઈ દેવગાણીયા તથા (૨) કેવલ ગોરધનભાઈ દેવગાણીયા** ની માલીકીની ચાલી આવેલ છે, ઉપરોકત મિલકતની ઉત્તરોતર ફાઈલો પૈકી રમેશભાઈ લવજીભાઈ પટેલ નાઓએ ખરીદ કરેલ ત્યારથી તથા મુળ ફાઈલ જમીન માલીક (૧) નાથુભાઈ વલ્લભભાઈ દેસાઈ વિગરે પાસેથી ખરીદ કરેલ હોય તે ઉત્તરોતર વચ્ચેની ફાઈલો અસલ કબજા રસીદ વેચાણ કરારો તથા તેને લગતા અન્ય પેર્પસ તેમના કબજામાંથી ગેરવલ્લે યાને ગુમ થયાનું તેઓ જણાવે છે. આથી સદરહું મિલકત બાબતે કોઈને કોઈપણ જાતનો વાંધો-વિરોધ, લાગ-ભાગ, માલિકી હકક, હિત, હિસ્સો, ચાર્જ, બોજો, લોન કે લીયન હોય તો તેમણે, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૮ ની મુદતમાં પુરાવા સહિત હમારો સંપર્ક કરવો. નહી તો હરકોઈના કોઈપણ હકક, હિત ન હતા અને નથી અને હોય તો છોડી દીધેલ યાને જતા કરેલા છે. તેમ માનીને હમારા અસીલ ઉપરોકત સદરહું મિલકતને લગતા લેખીત કરારો કરાવી આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દર-દાવો કે વાંધો -વિરોધ ચાલશે નહી. જેની જાહેર જનતાએ તેની ગંભીર નોંધ લેવી.

સ્થળ : સુરત. તારીખ: ૧૩-૦૬-૨૦૨૬

ઓફીસ: ૧૬૧, ૧૬૨, કેદાર બિઝનેશ સેન્ટર, બાપા-સીતારામ ચોક, ડભોલીરોડ, કતારગામ, સુરત મો.નં. ૯૦૯૯૧૦૧૬૩૨

**નિતેશ યુ.વ્યાસ**
તે ખરીદનાર એડવોકેટ



**ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીશ**

નીચે જણાવેલી જમીન **શ્રીમતી મીનાક્ષી તે કિશોરકુમાર મગનલાલની ધણીયાણી, શ્રી કીરીટભાઈ મગનભાઈ, શ્રીમતી મેધનાબેન કીરીટભાઈ, શ્રીમતી સોનલબેન કીરીટભાઈ, શ્રીમતી ડીમ્પલબેન કીરીટભાઈ, શ્રી સંદીપકુમાર કિશોરભાઈ પટેલ, શ્રીમતી કવીનાબેન તે કિશોરભાઈ મગનભાઈ પટેલની પુત્રી તથા મનિષકુમાર પટેલની પત્ની**, રહે.: સોંસક, ઓલપાડ, સુરતના પોતાની સહિયારી અને સંપુર્ણ માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવીને હમારા અસીલને વેચાણ કરવા માંગે છે. આ વેચાણ વ્યવહાર અંગે મુળ જમીન માલીકોના વારસો સહીત જો કોઈને વાંધો યા તર-તકરાર હોય યા સદર જમીનમાં કોઈપણ શખ્શ કે નાણાંકીય સંસ્થા વિગેરેનાં સીધા કે આડકતરા કોઈપણ પ્રકારના હકક-હીત-હીસ્સા-અધિકારો હોય તો તેવા વાંધા યા તર-તકરાર અને હકક-હીત-હીસ્સા-અધિકારો બાબતનાં કાયદેસરનાં પુરાવાઓ લઈને નીચેનાં સરનામે **દિન ૧૦ (દશ)** માં રૂબરૂ મળી જવું. મુદતમાં એવો સંપર્ક કરવામાં નહિં આવશે તો તેવા હકક-હીત-હીસ્સા-અધિકારો મજકુર જમીનમાં ન હતા અને નથી, અને જો હોય તો તે જતા કરેલા છે, તેમજ આ વેચાણ વ્યવહાર બાબતે કોઈને પણ વાંધો યા તર-તકરાર નથી એવુ શુધ્ધબુધ્ધિપુર્વક માનીને હમારા અસીલ પાકા લખાણો કરાવી લેશે. અને ત્યારબાદનાં કોઈનાં કોઈપણ પ્રકારનાં હકક-હીત-હીસ્સા-અધિકારો, વાંધા કે તકરાર ચાલશે નહિં. જેની નોંધ લેશો.

જમીન: સુરત જીલ્લો, ઓલપાડ તાલુકો, મોજે ગામ સોંસક ના **રે.સર્વે નં.: ૫૧/૧/૨/૩, ૫૦/૧, બ્લોક નં.: ૯૩** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ સુમારે **૮,૩૯૭ સમ ચો.મીટર** તથા જેનો આકાર રૂ. ૧૧.૪૪ પૈસા થાય છે, તે વિગતની ખેતીની જમીન પૈકી વગર-વહેંચાયેલા અડધા હિસ્સાની સુમારે **૪૧૯૮.૫ સમ ચો.મીટરના ક્ષેત્રફળ** વાળી જમીન.

૦૭, ત્રીજો માળ, જે/૯ સેન્ટર, સ્ટાર બજાર પાસે, અડાજણ ચાર રસ્તા, સુરત સમય સવારે ૧૦ થી સાંજે ૦૭

અસીલની સુચનાથી

**જીજ્ઞેશ પી. પીસાદીયા** (એડવોકેટ એન્ડ નોટરી)

**રોમા દિલીપભાઈ પટેલ,** (એડવોકેટ)